# લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ રેઝલ્યૂશન સર્વિસ

# LONDON SEN DISAGREEMENT RESOLUTION SERVICE

લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ રેઝલ્યૂશન સર્વિસ, એક નવી પ્રાદેશિક વિશિષ્ટ શૈક્ષણિક જરૂરતોની સેવા છે, અને ડિપાર્ટમેન્ટ ફૉર ઍજ્યુકેશન એન્ડ સ્કિલ્સ, એને ભંડોળનું અનુદાન આપી વિકાસ કરી રહ્યું છે. આ સેવા નિ:શુલ્ક રીતે લંડનના LEAઓને, સ્કૂલો અને બાળકોના માતાપિતાઓ, જેમના બાળકોને વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતો હોય છે, જે માતાપિતા પોતાને બાળકની વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતો માટે મતભેદોમાં પ્રાપ્ત કરે છે અથવા બાળકોની જરૂરિયાતોને કેવી રીતે પૂરી કરવી એ જાણવા માંગે છે, એ લોકો માટે છે.

**આ સેવા શું આપે છે?**

આ સેવા, બંને બાજુને સાથે મળવાની તક આપે છે. એ માટે એક મધ્યસ્થ હોય છે, જે ખાસ બાબતોની ચર્ચા કરે છે અને ત્યારપછી એક સમજૂતી પર આવે છે. આ મધ્યસ્થ એક સ્વતંત્ર વ્યક્તિ હોય છે, જેને મતભેદોવાળા લોકો સાથે વહેવાર કરવાની તાલીમ મળી હોય છે, જેથી એમનો વહેવાર અને સંપર્ક સુધરે અને એમની સમસ્યાઓના ઉકેલો આવે. ધ લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ સર્વિસ ઔપચારિક કાયદાઓની કાર્યવાહીઓના વિકલ્પો આપે છે અને એ માટે અનૌપચારિક ફોરમ આપી મતભેદોના ઉકેલો લાવે છે.

**મતભેદોના ઉકેલની મદદ, કેવા પ્રકારની બાબતો માટે હોય છે?**

માતાપિતાઓ ક્યારેક જાણે છે કે એ લોકો એમના LEA સાથે મતભેદમાં હોય છે, દાખલા તરીકે નીચેની બાબતો માટે

- એમના બાળકની વિશિષ્ટ શૈક્ષણિક જરૂરિયાતો શું છે
- શું બાળકને એની જરૂરિયાતોની સંપૂર્ણ આકારણી મળવી જોઇએ
- જે રીતથી સ્કૂલ, વિશિષ્ટ શૈક્ષણિક જરૂરતોવાળા બાળક માટે મદદ આપે છે
- એમના બાળકે કઈ સ્કૂલમાં જવું જોઇએ

સ્થાનિક પૅરંટ પાર્ટનરશિપ સર્વિસિસ હોય છે, જે માતાપિતાઓની મદદ આવી બાબતો માટે કરે છે અને મોટાભાગના મતભેદો આ પ્રમાણે સ્થાનિક સ્તર પર ઉકેલવામાં આવે છે. કેટલાક સમય પર, જો કોઈ વ્યક્તિ કેસ માટે તદ્દન નવી હોય, તો એ બંને પાર્ટીઓને સાથે લાવી વાર્તાલાપ કરે એ ઉપયોગી રહે છે. ધ લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ રેઝલ્યૂશન સર્વિસ, આ સેવા આપે છે.

## આ કેવી રીતે કામ કરે છે?

લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ સર્વિસનો સ્ટાફ બંને પાર્ટીઓ સાથે વાર્તાલાપ કરે છે અને શોધે છે કે મતભેદ શા માટે છે અને શું બધા લોકો મતભેદોના ઉકેલ લાવવા માટે તૈયાર છે કે નહીં. એક સ્વતંત્ર મધ્યસ્થની નિમણૂંક કરવામાં આવે છે અને બધા એક સંમત કરેલી તારીખ પર મળે છે અને એક સુલભ જગ્યા પર મળે છે. મીટિંગ (સભા)માં બંને પાર્ટીઓને ‘‘એમની વાર્તાના અહેવાલને કહેવાની’’ તક આપવામાં આવે છે, શું કરવું જોઇએ અને સંતોષકારક પરિણામ માટે એ લોકો શું ફાળો આપી શકે છે, એની ગોઠવણ કરવા માટે પણ તક આપવામાં આવે છે. મધ્યસ્થ, પાર્ટીઓને બાબતો વિષે શોધખોળ કરવામાં મદદ કરે છે જેથી બધા એક સમાન વિષય પર જાય પરંતુ નિર્ણય કરવામાં એ પોતાને સમાવિષ્ટ નથી કરતો/કરતી - એમાં ફક્ત પાર્ટીઓ જ વિચારે છે.

## શું મતભેદોની પતાવટ હમેશાં સંમતિમાં જ પરિણમે છે?

ના, બધા કેસોમાં નહીં. પરંતુ મોટા ભાગના લોકો જે મધ્યસ્થીમાં ભાગ લે છે એ એમના કેસને બતાવવાની તકને આવકારે છે અને આ પદ્ધતિ ઘણીવાર વધારે સારી સમજૂતી અને વહેવાર લાવે છે, ભલે મુખ્ય બાબતોની પતાવટ ન થતી હોય તો પણ.

## હું શું સેન (SEN) ટ્રિબ્યૂનલને તો પણ અપીલ કરી શકું છું, જો અમે સંમતિ પર ન પહોંચીએ તો?

હા. મતભેદોની પતાવટમાં ભાગ લેવાથી કોઈપણ રીતે SEN ટ્રિબ્યૂનલને અપીલ કરવાના તમારા અધિકાર પર અસર નથી હતી.

## શું મારે ઘણું પેપરવર્ક (દસ્તાવેજોનું કામ) કરવું પડશે?

ના. મીટિંગ પહેલા જ લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ સર્વિસ બંને પાર્ટીઓ સાથે વાત કરી લેશે જેથી એમને આગળ આવવાની મુખ્ય બાબતોની ઓળખાણ માટે મદદ મળે. કોઈપણ પાર્ટીએ દસ્તાવેજો પૂરા કરવાના નથી રહેતા. SEN ડિસએગ્રિમેન્ટ રેઝલ્યૂશન વાર્તાલાપને ચાલુ રાખશે અને પદ્ધતિ જેમ બને તેમ કાગળો વગરની કાર્યવાહીની રહેશે.

## શું હું મારી સાથે કોઈને લાવી શકું છું?

હા, માતાપિતાઓ કોઈનેપણ સમર્થન માટે લાવી શકાય છે અથવા મિત્રને મતભેદોની પતાવટની સેશન માટે લાવી શકાય છે. આ એક અનૌપચારિક પદ્ધતિ છે એટલે કાયદાના પ્રતિનિધિઓ ભાગ ન પણ લે.

## મને વધારે જાણકારી કેવી રીતે મળશે?

તમે જ્યાં રહો છો ત્યાંના LEA ના પૅરંટ પાર્ટનરશિપ ઑફિસરનો સંપર્ક કરો. જો તમને એમનો સંપર્ક નંબર ખબર ન હોય તો તમારા સ્થાનિક કાઉંસિલ સ્વિચબોર્ડ તમારી મદદ કરી શકે છે અથવા ઍજ્યુકેશન ડિપાર્ટમેંટમાં, સ્પેશિયલ ઍજ્યુકેશન નીડ્સ વિભાગને પૂછો અને એ તમને વિગતો આપી શકશે. નહીં તો લંડનમાં સેન (SEN) ડિસએગ્રિમેન્ટ રેઝલ્યૂશન સર્વિસને **0800 389 0695** ફોન કરો અને સ્ટાફના સભ્ય તમને ખુશીથી સેવા વિષે વધારે વિગતો આપશે.